# હવે, આઈપીએલમાં ગુજરાત સહિત ૧૦ ટીમો ભાગ લેશે

## અમદાવાદમાં ભારતીય ક્રિકેટ બોર્ડની ૮૯મી એજીએમ યોજાઈ : બોર્ડ દ્વારા તમામ ફર્સ્ટ ક્લાસ પુરુષ, મહિલા ક્રિકેટરોને કોરોના મહામારીને કારણે ડોમેસ્ટિક સિઝનને થયેલી અસરનું યોગ્ય વળતર આપવામાં આવશે

અમદાવાદ, તા. ૨૪

અમદાવાદમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) દ્વારા આજે એક અતિમહત્વનો નિર્ણય લેવાયો છે. આજે યોજાયેલી બીસીસીઆઈની ૮૯મી વાર્ષિક સામાન્ય સભામાં બે મહત્વના નિર્ણય લેવામાં આવ્યા હતા. બેઠકમાં લેવાયેલા નિર્ણય પ્રમાણે, વર્ષ ૨૦૨૨થી આઈપીએલમાં ૮ની જગ્યાએ કુલ ૧૦ ટીમો રમશે. જેમાં એક ટીમ ગુજરાતની રહેશે.

આ સાથે જ એ પણ નિર્ણય લેવાયો છે કે, તમામ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટરોને કોરોના મહામારીને કારણે ડોમેસ્ટિક સિઝનને થયેલી અસરનું યોગ્ય વળતર આપવામાં આવશે. આ વળતર પુરૂષ અને મહિલા એમ બંને વર્ગોને આપવામાં આવશે. બીસીસીઆઈએ કરેલા નિર્ણય પ્રમાણે હવેથી આઈપીએલમાં ૮ના બદલે ટીમો ભાગ લેશે. આ વર્ષે મેગા ઓક્શન પણ થવાની છે જેના કારણે ૧૦ ટીમોને ૨૦૨૨થી રમાડવામાં આવશે. જોકે ૨૦૨૧માં તો આઈપીએલમાં યથાવત ૮ જ ટીમો રહેશે. આ એજીએમમાં બોર્ડે જાહેર કર્યું છે કે ૨૦૨૨થી આઈપીએલમાં ૮ની જગ્યાએ ૧૦ ટીમ ભાગ લેશે.



આઈપીએલની બે નવી ટીમોના માલિક કોણ હશે એ સવાલ સૌકોઈ માટે રસપ્રદ છે. રિપોર્ટ પ્રમાણે આઈપીએલની ટીમ ખરીદવાની રેસમાં અદાણી ગ્રૂપ અને સંજીવ ગોયન્કા ગ્રપ આગળ રહેશે. જે નવી ૨ ટીમનો સમાવેશ થયો છે એમાંથી એક ટીમ ગુજરાતની હશે. અગાઉ જ આઈપીએલમાં એક ટીમ અમદાવાદની હોઈ શકે છે જેને ખરીદવાની ઈચ્છા અદાણી ગ્રૂપે પહેલા જ વ્યકત કરી હતી. અમદાવાદમાં દુનિયાનું સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમને ગુજરાતની ટીમ પોતાનું હોમગ્રાઉન્ડ બનાવશે. એટલું જ નહીં, મેગા ઓક્શનને બદલે આ વખતે પણ મિની ઓક્શન જ થશે. બીસીસીઆઈ ૨૦૨૮માં ઓલિમ્પિકમાં ક્રિકેટના સમાવેશ માટે તૈયાર છે. આ મામલે બોર્ડે કહ્યું હતું કે, તેઓ ૨૦૨૮માં ઓલિમ્પિકમાં ક્રિકેટના સમાવેશ માટે તૈયાર છે અને આ બાબતે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલને પૂરેપૂરો સહયોગ કરશે. જોકે આ પહેલાં બોર્ડ અમુક બાબતે ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી પાસેથી સ્પષ્ટતા ઈચ્છે છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાજીવ શુક્લા બીસીસીઆઈના નવા ઉપાધ્યક્ષ બન્યા છે. મહિમ વર્માએ રાજીનામું આપતા આ પદ ખાલી પડ્યું હતું. સૂત્રો અનુસાર બોર્ડ અધ્યક્ષ સૌરવ ગાંગુલી આઈસીસી બોર્ડમાં ડાયરેક્ટર તરીકે કામગીરી યથાવત રાખશે. તેમની ગેરહાજરીમાં સેક્ટરી જય શાહ આ પદની જવાબદારી સંભાળશે. શાહ આઈસીસીમાં ભારતના રિપ્રેઝન્ટેટિવ પણ હશે. તે આઈસીસીની ચીફ એક્ઝિક્યુટિવ મીટિંગમાં બોર્ડનું પ્રતિનિધિત્વ કરશે.

# ગુજરાતમાં કોરોનાના નવા ૯૯૦ કેસ : ૮ દર્દીનાં મોત

## રાજ્યમાં હજુ પણ ૬૬ લોકો વેન્ટીલેટર પર : અત્યાર સુધીમાં કુલ ૯૨૭૩૫૨૧ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૨૪૦૯૨ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨૪

રાજ્યમાં કોરોનાની સ્થિતિ દિવસેને દિવસે કેસોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા છે. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. જો કે રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. આજે ૬૨ દિવસ જેટલા લાંબા સમય બાદ કોરોના પોઝિટિવનો આંકડો ૧૦૦૦ની નીચે આવ્યો છે. આજે રાજ્યમાં નવા ૯૯૦ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૧૮૧ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨૨૪૦૯૨ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૩.૬૯ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવો સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૫,૬૯૮ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૫૬.૮૯ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૯૨,૭૩,૫૨૧ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૧૦,૯૬૯ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૧૦,૮૫૪ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૧૫ વ્યક્તિને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૦૮૪૫ એક્ટિવ કેસ છે.

વેન્ટિલેટર પર ૬૬ છે. જ્યારે ૧૦,૭૭૫ લોકો સ્ટેબલ છે. ૨૨૪૦૯૨ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૨૬૨ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૮ લોકોનાં મોત નિપજયાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશન ૩,બનાસકાંઠા ૧, ગાંધીનગર ૧, સુરત ૧, વડોદરા ૧ દર્દી સહિત કુલ ૬ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજયાં છે.



દરેક ઋતુમાં ગાંધીનગરનું સૌંદર્ય અલગ અલગ જોવા મળે છે. ગ્રીનસીટી ગાંધીનગરમાં પ્રકૃતિની અલગ અલગ કળાઓ દરેક ઋતુમાં નોખી જોવા મળે છે. શિયાળો જામતા જ શહેરમાં આવેલી વિવિધ રંગી બોગનવેલ પૂર્ણ કળાએ ખીલી ઉઠી છે. કર્મયોગીભવન જવાના રસ્તે લાલ, પીળા અને કેસરી ફૂલોથી લચી પડેલી બોગનવેલ ખૂબ જ સુંદર લાગી રહી છે.

# ફોર્ચ્યુનર ગાડી ચોરતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ

## અમદાવાદ બાપુનગરના સંજય ભદોરીયાને સ્વીફ્ટ કાર સાથે મોડાસા પોલીસે ઝડપ્યો

મોડાસા, તા. ૨૪

ગુજરાત,ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશ સહિતના રાજ્યોમાં ફોર્ચ્યુનર ગાડી ચોરતી આંતરરાજ્ય ગેંગના એક આરોપીને મોડાસા ટાઉન પોલીસે બાતમીના આધારે ચાર રસ્તા ખાતેથી સ્વીફ્ટ કાર સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો અમદાવાદ બાપુનગર નવલખો બંગલામાં રહેતો સંજય વિનોદસિંહ ભદોરિયા અન્ય લકઝુરિયસ કાર ચોરી કરતા ત્રણ શખ્શો સાથે ગુજરાત સહીત અન્ય રાજ્યોમાં ફોર્ચ્યુનર કારની ચોરી કરતા હતા સંજય ભદોરીયા મોડાસા શહેરના કલ્પતરૂ સોસાયટી માંથી પણ ફોર્ચ્યુનર કારની ચોરીનો મુખ્યસુત્રધાર હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું હતું ટાઉન પોલીસે આંતરરાજ્ય ગેંગના અન્ય ચોરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

મોડાસા ટાઉન પીઆઈ સી પી વાઘેલા અને તેમની ટીમે થોડા મહિના અગાઉ મોડાસામાંથી ફોર્ચ્યુનર ગાડી ચોરી કરનાર મુખ્યસૂત્રધાર સંજય વિનોદસીંહ ભદોરીયા સ્વીફ્ટ કારમાં મોડાસા ચાર રસ્તા થઈ રાજસ્થાન તરફ જવાનો હોવાની બાતમી મળતા ટાઉન પોલીસે તાબડતોડ મોડાસા ચાર રસ્તા પર નાકાબંધી કરી બાતમી આધારિત સ્વીફ્ટ કાર (ગાડી.નં-જ્ત ૨૭ મ્જી ૪૯૬૪) પસાર થતા કોર્ડન કરી અટકાવી સંજય ભદોરિયાની ધરપકડ કરી મોડાસા શહેરમાંથી ચોરી થયેલ ફોર્ચ્યુનર ગાડી ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો હતો મોડાસા શહેરમાં ફોર્ચ્યુનર ગાડી ચોરીની ઘટનામાં સંડોવાયેલ ઉત્તરપ્રદેશ આગ્રા નજીક ઉમરેઠા ગામના પ્રવિણસિંહ અજયપાલ ભદોરિયા તેમજ કાલુ નામનો અને અન્ય એક અજાણ્યો ગેંગના આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.




# શિક્ષકની કારકિર્દી વ્યવસાય નહીં, જીવન દર્શન સાથે વ્યક્તિ નિર્માણની સાધના છે : રાજ્યપાલશ્રી

## આઈઆઈટીઈના ત્રીજા પદવીદાન સમારંભમાં ૧૨૮ સ્નાતકો, અનુસ્નાતકોને પદવી એનાયત

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે ગાંધીનગર સ્થિત ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનના તૃતીય દીક્ષાંત સમારોહમાં વર્ચ્યુઅલ ઉપસ્થિત રહી પદવિધારક વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ દીક્ષાંત પ્રવચનમાં જણાવ્યું હતું કે, બાળકો કોમળ પ્રતિભાના ધની હોય છે, તેમને ઘડવાનું કાર્ય શિક્ષકોનું છે. તેમણે જણાવ્યું હતું કે, શિક્ષકની કારકિર્દી માત્ર વ્યવસાય નહીં, પરંતુ જીવન દર્શન સાથે વ્યક્તિ નિર્માણની સાધના છે.

ભારતીય સંસ્કૃતિમાં ગુરુજનોનું સ્થાન દેવતુલ્ય એટલે કે સર્વોચ્ચ માનવામાં આવે છે કારણ કે શિક્ષક એવી મહાન વ્યક્તિ છે જે મનુષ્યને સાચા અર્થમાં માનવી બનાવે છે. શિક્ષકના શિર ઉપર શ્રેષ્ઠ ભાવિ નાગરિકના ઘડતરની મહત્વની જવાબદારી હોય છે તેમ જણાવી રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, આદિકાળથી ગુરુકુળ પરંપરા અને નાલંદા - તક્ષશિલા વિદ્યાપીઠોના વિદ્યા સંસ્કારથી ભારતે સમગ્ર વિશ્વને શિક્ષણનું દર્શન આપ્યું છે.



રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પદવી પ્રાપ્ત કરી શિક્ષક તરીકે કારકીર્દી ઘડવા જઈ રહેલા વિદ્યાર્થીઓને શુભકામના પાઠવતા જણાવ્યુ હતું કે, શિક્ષક બાળકના જીવનમાં પરિવર્તન લાવી શ્રેષ્ઠ નાગરિકોનું ઘડતર કરે છે. શિક્ષકે માત્ર માહિતી પીરસવાની નથી પરંતુ જ્ઞાનના દિપકથી વિદ્યાર્થીના સમગ્ર જીવનને પ્રકાશિત કરવાનું છે. શિક્ષકના અનુભવ, શૈલી અને સંવેદનાથી વર્ગખંડમાં ભાવિ પેઢીનું ઘડતર થાય છે.

ભારતીય શિક્ષણ-પ્રશિક્ષણ સંસ્થાના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે સફળ વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિમાં શિક્ષકોની ભૂમિકા મહત્વરૂપ ગણાવી હતી. આ પ્રસંગે સંસ્થાન દ્વારા નિર્માણ પામેલા ટીચર્સ ટ્રેઈનીંગ પોર્ટલ 'અંગીરાહ્ર લોકાર્પણ કરવામાં આવ્યુ હતું તેમજ શ્રેષ્ઠ ટીચર્સ ટ્રેઈનીંગ, શ્રેષ્ઠ ટીચર એજ્યુકેશન અને શ્રેષ્ઠ ટીચર ઈન્સ્ટીટ્યુટ એમ ત્રણ કક્ષામાં ચાણક્ય એવોર્ડ આપવાની ઘોષણા કરવામાં આવી હતી.

# છેલ્લે... છેલ્લે...

- હજુ ઉત્તરાયણ સુધી રાત્રી કરફ્યુ રાખવો જોઈએ એવો હાઈકોર્ટનો અભિપ્રાય.
- બીસીસીઆઈના વાઈસ પ્રેસીડન્ટ તરીકે રાજીવ શુકલાની વરણી.
- બેંગ્લોરમાં આજથી ૧લી જાન્યુઆરી સુધી રાત્રી કરફયુ લગાવાયો.
- સેશન્સ કોર્ટે વિપુલ ચૌધરીના જામીના ના મંજૂર કર્યા.
- રાજયમાં ૨૫ ડિસેમ્બરથી આકરી ઠંડીની આગાહી.
- પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ૨૬મીએ સાબરમતી આશ્રમથી રાજઘાટ સુધીની ખેડૂત અધિકાર યાત્રા શરૂ કરશે.
- લોકડાઉનની અસરના વિષય પર મધુર ભંડારકર ઈન્ડિયા ઈન લોકડાઉન ફિલ્મનું જાન્યુઆરીથી શુટીંગ શરૂ કરશે.
- મેઘાલયમાં બ્રિટનના યાત્રીઓ પર પ્રતિંબધ.
- અંબાણી પરિવારે શ્લોકા-આકાશના દિકરાનું નામ 'પૃથ્વી' રાખ્યું.
- રણબીર કપૂર અને આલીયા ભટ્ટ ટૂંક સમયમાં લગ્ન કરશે.
- રાહુલ ગાંધી અને ગુલાબનબી આઝાદે ખેડૂતોના પ્રશ્ને રાષ્ટ્રપતિની મુલાકાત લીધી.
- રાજસ્થાન સરકારે તમામ શહેરોમાં રાત્રી કરફયુ લાદયો.
- દેશના તમામ વાહનો માટે ૧લી જાન્યુઆરીથી ફાસ્ટ ટેગ ફરજીયાત.
- રબારી સમાજના ગુરૂ બળદેવદાસ બાપુનું નિધન

# સિવિલમાં વેક્સીનના બુસ્ટર ડોઝનું ટ્રાયલ શરૂ, પ્રથમ ડોઝ ૫૫૦ સ્વંયસેવકોને અપાયો

અમદાવાદ,તા.૨૪

હાલ અમદાવાદ સોલા સિવિલમાં કોવેક્સીન વેક્સીનનું ટ્રાયલ સફળતાપૂર્વક ચાલી રહ્યું છે. ત્યારે કોરોના વેકસીનના ટ્રાયલ મામલે સારા સમાચાર આવ્યા છે. કૉવેકસીનનો પ્રથમ ડોઝ ટ્રાયલ અંતર્ગત સોલા સિવિલમાં ૫૫૦ જેટલા સ્વયંસેવકોને આપવામાં આવ્યો છે. ત્યારે સોલા સિવિલ હોસ્પિટલમાં ૨૫ નવેમ્બરથી શરૂ થયેલા ટ્રાયલ અંતર્ગત વેક્સીનનો ડોઝ લેનાર એકપણ સ્વયંસેવકને કોઈ પણ સમસ્યા સામે આવી નથી. ત્યારે કોવેક્સીનનો બીજો ડોઝ આપવાની શરૂઆત કરાઈ છે. આત્મનિર્ભર કોવેકસીનનો બીજો એટલે કે બુસ્ટર ડોઝ અમદાવાદ ખાતેની સોલા સિવિલમાં આપવાની શરૂઆત થઈ છે.

મેડિસિન વિભાગના વડા અને કોવેકસીન ટ્રાયલના હેડ ડો. પારુલ ભટ્ટે જણાવ્યું કે, રાજયના એકમાત્ર વેકસીન ટ્રાયલના સેન્ટર પર આજથી કોવેકસીનનો બીજો એટલે કે બુસ્ટર ડોઝ વોલિન્યિટર્સને આપવામાં આવ્યો છે. અમદાવાદના સોલા સિવિલ હોસ્પિટલમાં ખાતે આત્મનિર્ભર કોરોના વેક્સીનનું ટ્રાયલ ચાલી રહ્યું છે. બુસ્ટર ડોઝ આપ્યા બાદ વોલિન્યર્સને અડધો કલાક ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે. બીજો એટલે કે બુસ્ટર ડોઝ આપ્યા બાદ વોલિન્ટિયર્સમાં હજી સુધી કોઈ પણ આડઅસર જોવા મળી નથી.

## વધુ એક સ્ટ્રેન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવેલા લોકો કે તેમના સંપર્કમાં આવનારા લોકોએ તરત આઈસોલેશનમાં જવું જોઈએ. બ્રિટનના વૈજ્ઞાનિક દક્ષિણ પૂર્વ ઈંગ્લેન્ડમાં એક પ્રયોગશાળામાં વાયરસના નવા સ્વરૂપની તપાસ કરી રહ્યાં છે. કોરોના વાયરસના નવા સ્વરૂપના કારણે બ્રિટનના અનેક લોકોએ પ્રતિબંધોનો સામનો કરવો પડશે. બ્રિટનમાં બુધવારે સંક્રમણના ૩૬,૮૦૪ કેસ સામે આ્યા. મહામારી શરૂ થયા બાદથી પહેલીવાર આટલા કેસ સામે આવ્યા છે. સંક્રમણ ઝડપથી ફેલાવવાના કારણે પૂર્વ અને દક્ષિણ-પૂર્વ ઈંગ્લેન્ડમાં ક્રિસમસ બાદ ૨૬ ડિસેમ્બરથી શ્રેણી ચારનો પ્રતિબંધ લગાવવામાં આવશે. સંક્રમણથી બચાવ માટે સંશોધિત નિયમો હેઠળ શ્રેણી એકથી ત્રણ હેઠળ આવનારા વિસ્તારોમાં રહેતા લોકો ક્રિસમસ પર એક બીજાને મળી શકે છે. શ્રેણી ચારના વિસ્તારોમાં રહેતા લોકો ઘરના સભ્યો સાથે જ ક્રિસમસ ઉજવી શકશે.

**વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન પાલનપુર**

**જાહેર નિવિદા નં. ૨૬ - સને ૨૦૨૦-૨૧**

યુનિટ મેનેજરશ્રી, જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ, બીજો માળ, આદર્શ હાઈસ્કૂલની પાછળ, ડેરી રોડ, પાલનપુર, જી. બનાસકાંઠા ફોન ૨૫૦૦૬૧ પીન ૩૮૫૦૦૧ દ્વારા અધ્યક્ષશ્રી ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિઓ વતી E-1 ક્લાસ તથા તેનાથી ઉપરના લાગુ પડતા ક્લાસનું રજીસ્ટ્રેશન ધરાવતા ઠેકેદારો પાસેથી પાલનપુર, વડગામ, દિયોદર અને ધાનેરા તાલુકાના ગામો ખાતે 'નલ સે જલ' યોજના હેઠળ કુલ (૬) કામોના ટેન્ડર ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ભાવો માંગવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂ. ૭.૪૪ લાખથી રૂ. ૩૦.૫૩ લાખ સુધીના કુલ રૂ. ૧૧૫.૯૭ લાખ થાય છે. જેના ટેન્ડર આઈડી નં. (૧) ૪૪૦૪૦૮ (બીજો પ્રયત્ન) (૨) ૪૪૦૪૧૬ (૩) ૪૪૦૪૧૮ (૪) ૩૩૦૪૨૨ (૫) ૪૪૦૪૨૬ (૬) ૪૪૦૪૬૧ થી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન સબમીશનની છેલ્લી તા. ૬/૧/૨૦૨૧ના ૧૮.૦૦ કલાક સુધી છે. અને ફીઝીકલ ડોક્યુમેન્ટ તા. ૭/૧/૨૦૨૧ના રોજ ૧૫.૦૦ કલાક સુધી રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીએ સાદર કરવાના રહેશે. કામગીરી જે તે પાણી સમિતિની અને ક્લસ્ટર કોરટીમની દેખરેખ નીચે હાથ ધરવાના રહે છે. કરેલ કામગીરીનું ૯૦% ચુકવણું પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. બાકી રહેલ ૧૦% રકમનું યોજના ચાલુ કર્યા બાદ પામી સમિતિ દ્વારા ચુકવણું કરવામાં આવશે. એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણો આપ્યા વગર રદ કરવાનો અબાધિત અધિકાર સંબંધિત ગામની પાણી સમિતિનો રહેશે. ટેન્ડરને લગતી વિગતવાર વિગતો વેબસાઈટ www.statetenders.com તથા www.nprocure.com ઉપર ઉપલબ્ધ છે. ટેન્ડર અન્વયે જરૂરી ફેરફાર સુધારાની વિગતો માત્ર ઓનલાઈન જોઈ શકાશે.

**ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો હેલ્પલાઈન નંબર ૧૯૧૬ જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.**

નં.નામાનિ/પાલન/૪૨૩/૨૦૨૦-૨૦૨૧

# રાજ્યમાં માસ્ક વગરના ૨૩.૬૪ લાખ નાગરિકો પાસેથી ૧૧૬ કરોડ દંડ વસુલાયો

અમદાવાદ,તા.૨૪

કોરોના મહામારી વચ્ચે એકમાત્ર માસ્ક જ સંક્રમણ સામે રક્ષણ આપી રહ્યું છે, જેને પગલે પોલીસ દ્વારા ફરજિયાત જાહેરમાં માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટન્સિંગનું ભંગ કરનાર જનતા પાસેથી મોટો દંડ વસૂલવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે ગુજરાતમાં અત્યાર સુધી કરોડો રૂપિયાનો દંડ રાજ્ય સરકારની તિજોરીમાં ભેગો થઈ ચૂક્યો છે. ગુજરાત પોલીસે એક દિવસમાં ૧ કરોડનો દંડ વસૂલ્યો હોવાનો એક અહેવાલ સામે આવ્યો છે. જેમાં શહેરમાં માસ્ક ન પહેરાનારા પોતાની જાતને તો મુશ્કેલીમાં મૂકી રહ્યા છે, સાથો સાથ બીજાની જિંદગી સાથે પણ ખિલવાડ કરી રહ્યા છે. ત્યારે શહેરમાં એક દિવસમાં માસ્ક ન રહેરનારા ૧૨,૮૯૬ લોકોને ગુજરાત પોલીસે દંડ ફટકાર્યો છે, જેમાં પોલીસને ૧ કરોડ ૨૮ લાખથી વધારે રકમ ભેગી થઈ છે. ગુજરાત પોલીસે જાહેરનામા ભંગના ૪૭૫ ગુના પણ દાખલ કર્યા છે.

કોરોનાકાળમાં ગુજરાતીઓના ખિસ્સા ખાલી થઈ ગયા હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. કોરોનાકાળથી અત્યાર સુધી લોકોએ રૂપિયા ૧.૧૬ અબજનો દંડ વસૂલ્યો છે. કોવિડ ગાઈડલાઈન ભંગ બદલ સરકારે દંડ વસૂલવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ ૧૦૦૦ રૂપિયાનો દંડ મામલે ગુજરાત હાઈકોર્ટમાં સોગંદનામું કર્યું હતું અને મોટો ખુલાસો થયો છે. પોલીસે માસ્ક ન પહેરનારા કુલ ૨૩,૬૪,૪૨૦ લોકો દંડાયા છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવે ૐઝમાં સોગંદનામું કર્યુ છે.

કોરોના વાયરસ સંક્રમણને ફેલાતું અટકાવવા માટે રાજ્ય સરકારે લીધેલા પગલાં અંગે હાઈકોર્ટમાં એક સોગંદનામું કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ હાઈકોર્ટમાં સોગંદનામું કર્યુ છે. આરોગ્ય વિભાગના અગ્રસચિવ જયંતિ રવિના સોગંદનામામાં મોટો ખુલાસો થયો છે. જેમાં કોરોના વાયરસને લગતી માહિતી સીમિત હોવાનું સામે આવ્યું છે. એક વર્ષ જૂનો વાયરસ હોવાથી સીમિત માહિતીની માહિતી મળી છે. સાવચેતીમાં જ સલામતીપઆ સૂત્રને અપનાવીને કામ કરવું પડશે.

> **રાજ્ય સરકાર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં સૌંગંદનામું રજુ કરાયું : સૌંગંદનામામા કહેવાયું કે એક વર્ષ જૂના કોરોના વાઈરસને લગતી સીમિત માહિતી ઉપલબ્ધ છે. એટલે સાવચેતીમાં જ સલામતી છે. એ સૂત્રને અપનાવીને કામ કરવું પડશે**

માસ્ક પહેરવા અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવા અંગે લોકજાગૃતિ માટે સરકાર અનેકવિધ કાર્યક્રમો કરી રહી છે. તકેદારી ન રાખતા લોકોને આકરો દંડ કરાયો હોવાની વાત સામે આવી છે. માસ્ક નહીં પહેરનારા કુલ ૨૩,૬૪,૪૨૦ લોકો જોડે દંડ વસૂલાયો છે. અત્યાર સુધીમાં અંદાજીત ૧૧૬ કરોડ રૂપિયાનો દંડ ગુજરાતીઓએ માસ્ક નહિ પહેરવા બદલ ભર્યો છે. સરકારી મેડીકલ કોલેજમાં ભણેલા ૯૦૦ સ્મ્મ્જી ડોકટર અને ગ્રામીણ વિસ્તારમાં ત્રણ વર્ષ માટે સેવાના હુકમો કરાયા છે. સ્મ્મ્જીના ત્રીજા અને ચોથા વર્ષમાં ભણતા ૬૫૯૭ વિદ્યાર્થીઓને કોવિડ સર્વેલન્સ અને ટેસ્ટિંગની કામગીરી સોંપાઈ છે. તમને જણાવીએ કે રાજ્યમાં હાલ ૧૧૩૯૭ એક્ટિવ કોવિડ હોસ્પિટલ છે, જેમાંથી અત્યાર સુધીમાં ૨,૩૭,૨૪૭ કુલ દર્દીઓ સારવાર લીધી છે.

તમને જણાવી દઈએ કે, અમદાવાદમાં ૨૬૫ દિવસમાં માસ્ક પહેર્યા વગર ફરતા ૪ લાખ લોકો પાસેથી પોલીસે રૂ.૨૨ કરોડનો દંડ વસૂલ્યો છે. તેમ છતાં હજુ રોજે રોજ ૩૫૦૦થી૪૦૦૦ લોકો માસ્ક વગરના પકડાઈ રહ્યાં છે. માસ્કના બદલે રૂમાલ બાંધવાની છૂટ હોવા છતાં પણ સાબરમતી વિસ્તારમાં એક વ્યક્તિ પાસેથી પોલીસે રૂ.૧ હજારનો દંડ વસૂલ્યો હતો.

ગુજરાત પોલીસે સોમવારે એક જ દિવસમાં શહેર પોલીસે ૩૯૭૯ લોકોને માસ્ક વગરનાને પકડીને રૂ.૩૯.૭૯ લાખ દંડ વસૂલ્યો હતો. બીજી બાજુ રાજ્યમાં ૨૧ અને ૨૨ ડિસેમ્બર દરમિયાન જાહેરનામા ભંગના કુલ ૮૩૫ ગુના દાખલ કરી માસ્ક ન પહેરવા અને જાહેરમાં થૂંકવા બદલ ૨૪,૭૭૩ વ્યક્તિઓ પાસેથી ૨.૪૬ કરોડ દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

## ખરીદીનો મુદ્દો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ વખતે પણ મૌયરશ્રીની ગ્રાન્ટમાંથી શબવાહિનીની ખરીદીનો મુદ્દો રજૂ કરાયો છે. ગત સ્થાયી સમિતિની બેઠકમાં આઈ.સી.યુ. ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સની ખરીદી પછી આ મુદ્દો સમાવવામાં આવતા રાજકીય વર્તુળોમાં પણ ખૂણે ખાંચરે ચર્ચાઓ શરૂ થઈ છે. નવા સમાવિષ્ટ ગામ્ય તથા નગરપાલિકા વિસ્તારોમાં કચરાના એકત્રીકરણ અને નિકાલની કામગીરી અન્ય એજન્સીને સોંપાય ત્યાં સુધી હાલની એજન્સી પાસે આ કામગીરી કરાવવાનો નિર્ણય પણ આ બેઠકમાં લેવામાં આવશે.